# VASISHTHA GENESIS SCHOOL, BARDOLI

(Academic Session: 2026-27)

Date: ________ Class: 3 Div: B Roll No: _______ Sub:2L.Gujarati

Name: ________________________________ Worksheet: T-1 નિબંધ લેખન

- **નીચે આપેલ નિબંધ જોઈને લખો.**

## વૃક્ષોનું મહત્વ

વૃક્ષો આપણા જીવનનો અમૂલ્ય ભાગ છે. વૃક્ષો આપણને શુદ્ધ હવા, ફળ, ફૂલ, લાકડું અને છાંયો આપે છે. વૃક્ષો હવામાં રહેલો કાર્બન ડાયોક્સાઇડ શોષીને આપણને ઓક્સિજન આપે છે.

વૃક્ષો વરસાદ લાવવામાં મદદ કરે છે અને પર્યાવરણને ઠંડું રાખે છે. ઘણા પક્ષીઓ અને પ્રાણીઓ વૃક્ષો પર પોતાનું ઘર બનાવે છે. વૃક્ષોના કારણે જમીનનું ધોવાણ પણ અટકે છે.

આપણે વૃક્ષોને કાપવા જોઈએ નહીં. વધુમાં વધુ વૃક્ષો વાવવા જોઈએ અને તેમની યોગ્ય સંભાળ રાખવી જોઈએ. વૃક્ષો છે તો જીવન છે. તેથી આપણે સૌએ વૃક્ષોનું રક્ષણ કરવું જોઈએ.

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

# વર્ષાઋતુ

વર્ષાઋતુ મને ખૂબ ગમે છે. ઉનાળાની ગરમી પછી વરસાદ આવે છે અને વાતાવરણ ઠંડું અને ખુશનુમા બની જાય છે. આ ઋતુ સામાન્ય રીતે જૂનથી સપ્ટેમ્બર સુધી હોય છે.

વરસાદ પડતાં આકાશમાં કાળા વાદળો છવાઈ જાય છે. વૃક્ષો અને છોડ લીલાછમ બની જાય છે. નદીઓ, તળાવો અને કૂવાઓમાં પાણી ભરાઈ જાય છે.

બાળકો વરસાદમાં કાગળની હોડી તરાવે છે અને આનંદ માણે છે.વરસાદ ખેડૂતો માટે ખૂબ મહત્વનો છે. વરસાદના પાણીથી ખેતરોમાં પાક ઊગે છે. વરસાદથી આપણને પાણી મળે છે અને પ્રકૃતિ સુંદર બની જાય છે.

વર્ષાઋતુ આનંદ અને હરિયાળી લાવતી ઋતુ છે. તેથી મને વર્ષાઋતુ ખૂબ જ પ્રિય છે.